For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

કેનેડાના નાગરિકોને ઠગતું કોલ સેન્ટર પકડાયું

'તમારા પાર્સલમાં ડ્રગ્સ છે' કહી કેનેડાના લોકોના લાખો રૂપિયા ખંખેરતી ગેંગનાં 11 યુવક-યુવતીને એસઓજીએ વાપીમાંથી પકડી પાડ્યા।

બંગલામાં ચાલતું હતું ઇન્ટરનેશનલ કૌભાંડ, મુંબઈમાં રહેતો એક આરોપી વોન્ટેડ

વાપીઃ વાપીના હરિયા પાર્કમાં ધમધમતા એક હાઈટેક ઈન્ટરનેશનલ ફેક કોલ સેન્ટરનો પોલીસે પર્દાફાશ કર્યો છે. વાપીથી આ ગેંગ ઓનલાઈન કેનેડાના નાગરિકોને પોતાના શિકાર બનાવતી હતી. એસઓજીની ટીમે રેડ કરીને ૧૧ જેટલા યુવક-યુવતીને હરિયા પાર્કમાં એક બંગલામાંથી ઝડપી પાડ્યા હતા. અહીંથી ઓનલાઈન આ

...અનુસંધાન પાના 5 પર

બોગસ કોલ સેન્ટરનો મુખ્ય સૂત્રધાર મુંબઈનો રાજેશ ઠોલર

વાપીમાં એસઓજીની ટીમે ઝડપી પાડેલા બોગસ કોલ સેન્ટરનો મુખ્ય સૂત્રધાર હાલ ફરાર છે. મુખ્ય સૂત્રધાર રાજેશ ઉર્ફે રાજ ઠોલાર (રહે. જાગૃતી નગર મેટ્રો સ્ટેશન પાસે, મુંબઈ.) કેનેડિયન નાગરિકોને ટાર્ગેટ કરતો હતો. તેની એમ.ઓ. એવી હતી કે તમામ ટેલિકોલર્સને વોટ્સએપ પર અંગ્રેજી સ્ક્રિપ્ટ અને પી.ડી.એફ. ફાઈલ પૂરી પાડવામાં આવતી હતી.

પોલીસે ૭ લેપટોપ કબજે લીધાં

વાપીના હરિયા પાર્કમાં બંગલામાં રેડ બાદ પોલીસે ૭ લેપટોપ જેની કિંમત ૩.૨,૧૦,૦૦૦, ૧૬ મોબાઈલ ફોન જેની કિંમત ૩.૨,૬૫,૦૦૦ તેમજ પાંચ વાઈફાઈ રાઉટર જેની કિંમત રૂ. ૧૦,૦૦૦, ૭ હેડફોન કિંમત રૂ. ૭,૦૦૦, ૭ માઉસ સહિત કુલ ૪,૯૫,૫૦૦નો મુદ્દામાલ પોલીસે કબજે લીધો હતો.

પોલીસે ઝડપી પાડેલા આરોપીઓ

(૧) શીવા રામચંદ્ર સૈની (યુ.પી./મુંબઈ) (૨) કમલસામ હાઉઝલ (મણીપુર) (૩) મુનસંગલિયન હાઉઝલ (મણીપુર) (૪) લીયન્મોનલાલ નઉલક (મણીપુર) (૫) મેઘના યાદવ (યુ.પી./મુંબઈ) (૬) શેખર કાંબલે (મહારાષ્ટ્ર) (૭) શ્રુતી રાય (યુ.પી./મુંબઈ) (૮) રિતેશ કુંભાર (મુંબઈ) (૯) કૃતિક સકપાલ (મુંબઈ) (૧૦) કાર્તીક બનસોડ (નાગપુર/મુંબઈ) (૧૧) જીગર માવદિયા (નાગપુર/મુંબઈ)

'કેનેડિયન સિક્યુરિટી ઈન્ટેલિજન્સ સર્વિસ'ના અધિકારી તરીકે ઓળખ આપતા

કેનેડિયન એજન્સીઓ CSIS (Canadian Security Intelligence Service) અને RCMP (Royal Canadian Mounted Police)ના અધિકારી તરીકે ઓળખ આપી, કેનેડિયન ગવર્મેન્ટના બોગસ લેટરપેડનો ઉપયોગ કરતાં હતા. કોલિંગ માટે લેપટોપમાં X-lite (Version 4) એપ્લિકેશન અને સીમકાર્ડ વગરના મોબાઈલમાં વાઈફાઈ દ્વારા APhone એપ્લિકેશનનો ઉપયોગ કરતાં હતા. ભોગ બનનાર ડરી જાય એટલે તેમની પાસેથી Apple અને Supero જેવી કંપનીઓના ગિફ્ટ કાર્ડ મેળવી છેતરપિંડી આચરતા હતા. કમિશન પેટે કોલ કરનારને શરૂઆતમાં પ્રતિ $1 એ ૨ રૂપિયા અને એક મહિના પછી પ્રતિ $1 એ 3 રૂપિયા મુખ્ય સૂત્રધાર આપતો હતો.

સેન્ટ્રલ ઝોનના વડા આશિષ નાયકે સ્પષ્ટતા કરતો વિડીયો જારી કરતાં નવો વિવાદ

નાસીરનગરનું ડિમોલિશન ભૂતિયા નથી, અમે ગયા હતાઃ ઝોનલ ચીફ

સુરત મનપાની ટીમ તા.30મી મેના રોજ ડિમાર્કેશન અને રસ્તો ખુલ્લો કરાવવા માટે ગઈ હતી

મનપાએ કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસનો પણ સહયોગ લીધો હતો

ઝોનના વડાના વિડીયોથી મનપાએ જ ડિમોલિશન કરાવ્યાની માન્યતા પ્રબળ બની

સુરત : વેડ રોડ સ્થિત નાસીરનગરમાં થયેલું ડિમોલિશન ભૂતિયા નથી અને અમે નાસીરનગરમાં ગયા હતા તેવી વિગતો આજે સેન્ટ્રલ ઝોનના વડા આશિષ નાયક દ્વારા વિડીયો દ્વારા રજૂ કરવામાં આવતા આખા પ્રકરણમાં આ ડિમોલિશન મનપાએ જ કર્યું હોવાની માન્યતા ઉભી થઈ છે. ડિમોલિશન કરાયાના 12 દિવસ બાદ જારી કરાયેલા આ વિડીયોને પગલે સમગ્ર વિવાદમાં નવો વળાંક આવ્યો છે. સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ અને એડિ. સિટી ઈજનેર આશિષ નાયકે જાહેર કરેલા વિડિયો મેસેજમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે, નાસીરનગરમાં સુરત મનપાની ટીમ તા.30મી મેના રોજ ડિમાર્કેશન અને રોડ ખુલ્લો કરવાની કાર્યવાહી માટે ગઈ હતી. જે કાયદાકીય જોગવાઈ અને પ્રવર્તમાન નિયમો પ્રમાણે હતી.

...અનુસંધાન પાના 5 પર

સુરતની ગૌરી ગોયલની ભારતની અંડર-19 ક્રિકેટ ટીમમાં પસંદગી

ભારતની આંતરરાષ્ટ્રીય ટીમમાં સ્થાન મેળવનાર ગૌરી ગોયલ સુરત ડિસ્ટ્રિક ક્રિકેટ એસોસિએશનની પ્રથમ ક્રિકેટર બની

U 19 / T-20 અને વન-ડે બંને આંતરરાષ્ટ્રીય ટીમમાં સ્થાન મેળવનાર ગૌરી ગોયલ સુરત અને ગુજરાતની પ્રથમ મહિલા ક્રિકેટર બની

સુરતઃ ધી સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન (SDCA) અને ગુજરાત વુમન ક્રિકેટ એસોસિએશન (GCA) ની ઓલરાઉન્ડર ખેલાડી સુરતની ગૌરી ગોયલની ભારતની મહિલા અંડર-19 ક્રિકેટ ટીમમાં પસંદગી થઈ છે.

ગૌરી ગોયલની પસંદગી 2026માં યોજનારી IDFC FIRST Bank Sri Lanka Women's U-19 Tour of India માટે ભારતની અન્ડર-19 મહિલા ટીમમાં કરવામાં આવી છે. નોંધનીય બાબત એ છે કે તેને ટી-20 અને વન-ડે બંને ટીમોમાં સ્થાન મળ્યું છે.

ગુજરાત ક્રિકેટ એસોસિએશન દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતને અનુમોદન આપતા SDCA ક્રિકેટ સેક્રેટરી ડો.નૈમેષ દેસાઈ એ જણાવ્યું હતું કે,"ભારતની આંતરરાષ્ટ્રીય ટીમમાં સ્થાન મેળવનાર ગૌરી ગોયલ સુરત ડિસ્ટ્રીક ક્રિકેટ એસોસિએશનની પ્રથમ ક્રિકેટર બની છે.આવતીકાલે અમે વિગતવાર માહિતી પત્રકાર પરિષદમાં જાહેર કરીશું.

શ્રીલંકામાં 3 T20 મેચ અને 3 વન-ડે મેચ રમવા જનાર વુમન U19 પ્રવાસ દરમિયાન ઓલરાઉન્ડર ગૌરી ગોયલને ટીમ ઈન્ડિયામાં 11માં સ્થાન મળશે કે કેમ એની પર GCA - SDCA ની નજર મંડાઈ છે.

સુરત જિલ્લા ક્રિકેટ એસોસિયેશન (એસડીસીએ) માટે ગૌરવની ક્ષણ સર્જાઈ છે. સુરતની પ્રતિભાશાળી મહિલા ક્રિકેટર ગૌરી પ્રકાશ ગોયલની શ્રીલંકા મહિલા અંડર-19 ટીમના ભારત પ્રવાસ માટેની ભારતીય મહિલા અંડર-19 ટીમમાં પસંદગી થતાં ક્રિકેટ વર્તુળોમાં આનંદની લાગણી ફેલાઈ છે.

ડાબોડી સ્પિનર અને મધ્યક્રમની બેટર તરીકે ઓળખાતી ગૌરી ગોયલે સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરીને પસંદગીકારોનું ધ્યાન ખેંચ્યું છે. તાજેતરમાં તેણે ભારતીય ક્રિકેટ નિયામક મંડળ (બીસીસીઆઈ)ના સેન્ટર ઓફ એક્સેલન્સ (COE) ખાતે યોજાયેલા 26 દિવસીય મહિલા અંડર-19 એલિટ કેમ્પમાં પણ ભાગ લીધો હતો, જ્યાં દેશભરની શ્રેષ્ઠ યુવા ખેલાડીઓ સાથે તાલીમ મેળવી પોતાની પ્રતિભા વધુ નીખારી હતી.

ગૌરીએ ચાલુ સિઝનમાં અંડર-19, અંડર-23 અને સિનિયર મહિલા બીસીસીઆઈ ટુર્નામેન્ટમાં પ્રતિનિધિત્વ કરીને અનોખી સિદ્ધિ હાંસલ કરી છે. તેણે એક જ સિઝનમાં કુલ 28 બીસીસીઆઈ મેચો રમીને પોતાની સતતતા અને ક્ષમતાનો પરિચય આપ્યો છે. તેની ઓલરાઉન્ડ ક્ષમતાઓ અને દબાણની પરિસ્થિતિમાં દેખાડેલી મેચ વિનિંગ રમતને કારણે તેને રાષ્ટ્રીય ટીમમાં સ્થાન મળ્યું હોવાનું માનવામાં આવે છે.

એસડીસીએના ક્રિકેટ સચિવ ડો. નૈમેશ દેસાઈએ જણાવ્યું હતું કે ગૌરીની પસંદગી માત્ર તેના પરિવાર માટે જ નહીં પરંતુ સમગ્ર સુરત અને દક્ષિણ ગુજરાતના ક્રિકેટ માટે ગૌરવની બાબત છે. યુવા ખેલાડીઓ માટે ગૌરીની સફર

...અનુસંધાન પાના 5 પર

રણછોડની રથયાત્રા માટે સુરતમાં તૈયારી શરુ

■ આમ તો રોજ ભગવાનના દર્શન કરવા માટે ભક્તોએ મંદિર જવું પડે છે પરંતુ અષાઢી બીજ એવો દિવસ આવે છે જ્યારે નાગર જાતે નગર યાત્રા પર નીકળે છે. ભગવાન ભક્તોના ઘર આંગણે જઇને તેમને દર્શન આપે છે. જેની તૈયારીના ભાગ રૂપે સુરતના જુદા જુદા મંદિરમાં રથ બનાવવાની તૈયારી શરુ થઇ ગઇ છે. (તસવીર : સતીષ જાદવ)

સુરતમાં ઉકળાટ વચ્ચે 17 જૂન સુધી છૂટાછવાયા વરસાદની આગાહી

ભારે પવનથી તાપમાનમાં ઘટાડો, પરંતુ ભેજના કારણે લોકો અકળાયા।

સુરતઃ સુરત શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી અનુભવાઈ રહેલી ગરમી વચ્ચે આજે તાપમાનમાં નજીવો ઘટાડો નોંધાતા નાગરિકોને થોડી રાહત મળી હતી. શહેરનું મહત્તમ તાપમાન અડધો ડિગ્રી ઘટીને 35 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન અડધો ડિગ્રી વધીને 29.4 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું.

હવામાનમાં આવેલા આંશિક ફેરફાર છતાં ભેજનું પ્રમાણ ઊંચું રહેતાં શહેરમાં ઉકળાટ યથાવત રહી હતી. હવામાં 68 ટકા ભેજ નોંધાઈ હતી, જેના કારણે લોકોને ગરમીનો અનુભવ વધુ થયો હતો. જોકે દિવસ દરમિયાન 12 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દક્ષિણ-દક્ષિણ પશ્ચિમ દિશાનો પવન ફૂંકાતા ગરમીમાં થોડી રાહત અનુભવાઈ હતી. હવામાન

...અનુસંધાન પાના 5 પર

ચોમાસું બારણે, 15 જૂન પછી આગમનની શક્યતા

બીજી તરફ રાજ્યના લોકો આતુરતાપૂર્વક રાહ જોઈ રહેલા નૈઋત્ય ચોમાસાના આગમનને લઈને પણ સારા સંકેતો મળી રહ્યા છે. હવામાન વિભાગના અનુમાન મુજબ ચોમાસું હવે ગુજરાતના દરવાજા સુધી પહોંચી ગયું છે અને આગામી થોડા દિવસોમાં તેની ગતિ વધુ તેજ બનવાની શક્યતા છે. વર્તમાન પરિસ્થિતિને જોતા 15 જૂન બાદ દક્ષિણ ગુજરાતમાં ચોમાસાનું સત્તાવાર આગમન શરૂ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જો હવામાનની અનુકૂળ સ્થિતિ યથાવત રહેશે તો સુરત સહિત દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં ચોમાસાની પ્રથમ વરસાદી એન્ટ્રી આગામી સપ્તાહ દરમિયાન જોવા મળી શકે છે.

ડભારી અને દાંડીના દરિયા કિનારે જવા સહેલાણી પર પ્રતિબંધ

સુરતઃ ચોમાસાની ઋતુ દરમિયાન નદી, તળાવ, નહેર અને દરિયાકાંઠાના વિસ્તારોમાં પાણીના પ્રવાહ અને ઊંડાણ વધતાં દુર્ઘટનાઓની સંભાવના રહેતી હોવાથી સુરત જિલ્લાના વિવિધ જળાશયો પર જાહેર જનતા અને સહેલાણીઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વિજય રબારીએ જાહેરનામું પ્રસિદ્ધ કરીને સુરત ગ્રામ્ય વિસ્તારના અનેક જોખમી જળાશયોમાં લોકોની અવરજવર તથા પાણીમાં પ્રવેશવા પર મનાઈ ફરમાવી છે. આ પ્રતિબંધ 28 જુલાઈ, 2026 સુધી અમલમાં રહેશે. જાહેરનામા મુજબ સુરત શહેર પોલીસ કમિશનર હદ વિસ્તાર સિવાયના સુરત જિલ્લાના વિવિધ તાલુકાઓમાં આવેલા નદીકાંઠા, તળાવો, નહેરો, ચેકડેમ અને દરિયાકાંઠાના વિસ્તારોને જોખમી જાહેર કરવામાં આવ્યા છે. વરસાદી મોસમ દરમિયાન પાણીના પ્રવાહમાં અચાનક વધારો થતો હોવાથી તેમજ અગાઉ બનેલી દુર્ઘટનાઓને

...અનુસંધાન પાના 5 પર

ભૂતિયા ડિમોલિશનમાં મનપાના એકાદ અધિકારીની વિકેટ પડશે તે નક્કી!

મ્યુનિ.કમિ. એમ.નાગરાજન દ્વારા જવાબદાર અધિકારી સામે સસ્પેન્શન સુધીનાં કડક પગલાં લેવાનો ખોંખારો

મ્યુનિ.કમિ.ને પણ અંધારામાં રાખવામાં આવ્યા, તપાસ કમિટી જેને જવાબદાર ઠેરવશે તે સસ્પેન્ડ થશે તેવી સંભાવના।

સુરતઃ વેડરોડના નાસીરનગરના ભૂતિયા ડિમોલિશનમાં મનપાના એકાદ અધિકારીની વિકેટ પડશે તેવું ચોક્કસ મનાઈ રહ્યું છે. આજે મ્યુનિ.કમિ. એમ.નાગરાજને જણાવ્યું હતું કે, તપાસ કમિટી દ્વારા તપાસ શરૂ કરી દેવામાં આવી છે અને રિપોર્ટ આવતા જ જવાબદારો સામે સસ્પેન્શન સુધીના કડક પગલા લેવામાં આવશે. મ્યુનિ. કમિ. નાગરાજને ત્યાં સુધી કહ્યું છે કે, નાસીરનગરની ઘટનાથી મનપાની ઈમેજને ધક્કો પહોંચ્યો છે અને આ મામલે તેઓ જરૂરથી કાર્યવાહી કરશે.

સુરત મહાનગર પાલિકાના ઈતિહાસમાં પ્રથમ વખત એવું થયું છે કે, કોઈ ડિમોલિશન થયું હોય અને તેની જવાબદારી મનપા દ્વારા લેવામાં આવી

...અનુસંધાન પાના 5 પર

'હમણા સુરત બહુ ચર્ચામાં છે?', નાસીરનગર મુદ્દે શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવની ટકોર

સુરત : નાસીરનગર વસાહતમાં થયેલા વિવાદાસ્પદ ડિમોલીશન મામલે હવે રાજ્ય સરકાર પણ સચેત થઇ હોવાનું જણાઇ રહ્યું છે. છેલ્લા 10થી 12 દિવસથી સમગ્ર ઘટનાને લઇને સુરત મહાનગરપાલિકા અને પોલીસ ભારે વિવાદમાં ઘેરાઈ છે. મામલો માત્ર સુરત કે ગુજરાત પૂરતો સીમિત ન રહી દિલ્હી સુધી પહોંચ્યો હોવાની ચર્ચાઓ વચ્ચે હવે રાજ્યના શહેરી વિકાસ વિભાગે પણ આ પ્રકરણની નોંધ લીધી છે. સમગ્ર વિવાદમાં સૌથી વધુ મુશ્કેલીભરી સ્થિતિ મનપા તંત્રની બની છે. ડિમોલીશન દરમિયાન પોલીસ બંદોબસ્ત માટે મનપા દ્વારા લેખિતમાં માંગણી કરવામાં આવી હોવાનું બહાર આવતાં પોલીસ વિભાગ પોતાની ભૂમિકાને લઇને લગભગ સેફ ઝોનમાં આવી ગયો છે. પરંતુ સૌથી

...અનુસંધાન પાના 5 પર

મનપાની કચેરીએ ઈલેક્ટ્રોનિક મીડિયા અને સુરક્ષાકર્મીઓ વચ્ચે ભારે ઝપાઝપી

ઈલેક્ટ્રોનિક મીડિયાના કર્મીઓએ તપાસ કમિટીના સભ્યોને ઘેરી લેતાં મામલો બિચક્યો,

માર્શલોએ પોલીસને બોલાવતા ઝપાઝપી થઈ, મીડિયાકર્મીઓએ મનપા કચેરીએ ધરણા કર્યા

સુરત : વેડરોડના નાસીર નગરના વિવાદી ડિમોલીશનને મુદ્દે આજે મુગલીસરાની મનપા કચેરીએ ઈલેક્ટ્રોનિક મીડિયાના કર્મીઓ અને મનપાના માર્શલો વચ્ચે ઘર્ષણની સ્થિતિ થઈ હતી. માર્શલો દ્વારા પોલીસ બોલાવવામાં આવતાં પોલીસ-માર્શલો અને ઈલેક્ટ્રોનિક મીડિયાના કર્મીઓ વચ્ચે માથાકુટની સાથે ઝપાઝપી પણ થવા પામી હતી. ઈલેક્ટ્રોનિક મીડિયાના કર્મીઓએ મનપા કચેરીએ કસુરવારો પર કાર્યવાહીની માંગણી કરી ધરણા કર્યા હતા. જેને પગલે ખુદ મેયર માયા માવાણીએ પણ મનપાના પાછલા દરવાજેથી ખાનગી કારમાં કાર્યક્રમમાં જવાની ફરજ પડી હતી.

મનપાની મુખ્ય કચેરી 'તાપી ભવન' ખાતે ઈલેક્ટ્રોનિક મીડિયા સાથે મ્યુનિ.કમિ. એમ.નાગરાજને કસુરવારો સામે કાર્યવાહી કરવાની ખાતરી આપ્યા બાદ ઈલેક્ટ્રોનિક મીડિયા કર્મીઓએ સેન્ટ્રલ ઝોનના વડા આશિષ નાયક અને તપાસ કમિટિના સભ્યોને ઘેરી લીધા હતા અને સવાલો પુછવા માંડ્યા હતા. આ સમયે માર્શલોએ ઈલેક્ટ્રોનિક મીડિયાકર્મીઓને અટકાવતા મામલો બિચક્યો હતો. કલાકો સુધી ચાલેલા હાઇવોલ્ટેજ ડ્રામા

...અનુસંધાન પાના 5 પર

હવે PIથી CP સુધીના અધિકારી રોજ બે કલાક નાગરિકોને સાંભળશે

ડીજીપીના નિર્ણયથી હવે ન્યાય માટે ગાંધીનગર ધક્કા નહીં

સામાન્ય ફરિયાદોનો 15 દિવસમાં અને ગંભીર અરજીઓનો 6 અઠવાડિયામાં નિકાલ કરવાનો આદેશ

ગાંધીનગર : રાજ્યના નાગરિકોને પોતાના પ્રશ્નોના નિરાકરણ માટે હવે છેક ગાંધીનગરની ડીજીપી કચેરી કે સચિવાલય સુધી ધક્કા ખાવાની જરૂર નહીં પડે. રાજ્યના પોલીસ વડા જી.એસ. મલિકે પોલીસ તંત્રને વધુ પ્રજાલક્ષી, જવાબદાર અને પારદર્શક બનાવવા માટે એક મહત્વપૂર્ણ કચેરી હુકમ જાહેર કર્યો છે. આ હુકમ અનુસાર હવે રાજ્યના પોલીસ કમિશનરથી લઈને પોલીસ સ્ટેશનના PI સુધીના તમામ અધિકારીઓએ દરરોજ બે કલાક ફરજિયાત રીતે નાગરિકોની રજૂઆતો સાંભળવાની રહેશે અને તેમની ફરિયાદોનો સ્થાનિક સ્તરે જ ઝડપી નિકાલ કરવાનો રહેશે.

નવી વ્યવસ્થા મુજબ રાજ્યના તમામ પોલીસ કમિશનરો, સંયુક્ત, અધિક, નાયબ અને મદદનીશ પોલીસ કમિશનરો, રેન્જ આઈજી, ડીઆઈજી અને પોલીસ અધિક્ષકોએ દરરોજ બપોરે 12થી 2 વાગ્યા દરમિયાન પોતાની કચેરીમાં ફરજિયાત હાજર રહીને મુલાકાતીઓને સાંભળવાના રહેશે. અરજદારો દ્વારા આપવામાં આવતી લેખિત અરજીઓ પર તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. જો કોઈ અનિવાર્ય સંજોગોમાં અધિકારી હાજર ન હોય તો કચેરીના વરિષ્ઠ અધિકારી અથવા રીડર દ્વારા અરજદારોની રજૂઆત સ્વીકારીને તેને પ્રાથમિકતાના ધોરણે સંબંધિત અધિકારી સુધી પહોંચાડવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે, જેથી કોઈ અરજદારને નિરાશ થઈને પરત ફરવું ન પડે.

સ્થાનિક સ્તરે પ્રજા સાથે સૌથી વધુ સીધો સંપર્ક ધરાવતા પોલીસ ઈન્સ્પેક્ટરો માટે પણ નિશ્ચિત સમય નક્કી કરવામાં આવ્યો છે. રાજ્યના તમામ પોઈ અને થાણા અમલદારોએ

...અનુસંધાન પાના 5 પર

તિથલ દરિયા કિનારે કેમિકલ ભરેલાં ડ્રમ તણાઈ આવતાં કુતૂહલ

ડ્રમમાં કયું કેમિકલ છે, તે કેટલું જોખમી છે, તે દિશામાં પોલીસની તપાસ

વલસાડઃ વલસાડના તિથલ દરિયાકિનારે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. દરિયામાં આવેલી ભારે ભરતીના પાણી સાથે શંકાસ્પદ કેમિકલ ભરેલા ડ્રમ તણાઈને બીચ પર આવી પહોંચ્યા હતાં. દરિયાના મોજા સાથે આ ડ્રમને કિનારે આવતા જોઈને ત્યાં હાજર સ્થાનિક લોકો અને પ્રવાસીઓ અચંબિત થઈ ગયા હતા અને વિસ્તારમાં ક્ષણભર માટે ફફડાટ વ્યાપી ગયો હતો.

દરિયાકિનારે આ પ્રકારે બિનવારસી અને શંકાસ્પદ ડ્રમ મળી આવતા જ જાગૃત સ્થાનિક નાગરિકોએ સમયસૂચકતા વાપરીને તાત્કાલિક સ્થાનિક પોલીસને આ અંગે માહિતગાર કર્યા હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને પોલીસનો કાફલો તાત્કાલિક તિથલ દરિયાકિનારે દોડી આવ્યો હતો. પોલીસે ઘટના સ્થળે પહોંચીને ડ્રમનો કબજો મેળવ્યો છે. હાલમાં આ ડ્રમની અંદર કયું કેમિકલ ભરેલું છે,

...અનુસંધાન પાના 5 પર

દુઃખદ અવસાન

સ્વ. નિરવ અશેષ મહેતા
સ્વ. તા. ૧૧-૦૬-૨૦૨૬

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા સ્વજન **નિરવ અશેષ મહેતા**નું તા. ૧૧-૦૬-૨૦૨૬ ગુરુવારના રોજ આકસ્મિક નિધન થયું છે. સદ્‌ગતની **અંતિમયાત્રા તા. ૧૨-૦૬-૨૦૨૬ શુક્રવારના રોજ સવારે ૧૦-૦૦ કલાકે** અમારા નિવાસસ્થાનેથી નીકળી જહાંગીરપુરા સ્મશાનભૂમિ જશે.

લિ. અર્ચના અશેષ મહેતા
પૂજા અશેષ મહેતા

સરનામું : બી-૧૧૦૩, શિવ દિગ્જા સોસાયટી, પાલ ગૌરવપથ રોડ, ગૌરવપથ ડીમાર્ટની પાસે, સુરત

શ્રી સુરતી દશા પોરવાડ વણિક જ્ઞાતિ પ્રાર્થના સભા

સ્વ. ઉદય દેવેન્દ્રભાઈ મુનશી
સ્વ.તા.૦૯/૦૬/૨૦૨૬

સખેદ જણાવવાનું કે, અમારા પિતાશ્રી ઉદય દેવેન્દ્રભાઈ મુનશી તારીખ ૦૯/૦૬/૨૦૨૬ ને મંગળવારના રોજ શ્રીજી ચરણ પામ્યા હતા. પ્રભુ સદ્‌ગતના આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સદ્‌ગતની પ્રાર્થના સભા તા. ૧૨/૦૬/૨૦૨૬ ને શુક્રવાર ના રોજ સાંજે ૫.૦૦ થી ૭.૦૦ રાખેલ છે

પ્રાર્થના સભાનું સ્થળ: બેનકવેટ હોલ, ધ્રુવ લાઈફ એપાર્ટમેન્ટ, સંજીવકુમાર ઓડિટોરીયમની પાછળ, પાલ, સુરત.

શોકાતુર
સ્વ. સુધાબેન ઉદયભાઈ મુનશી (પત્ની)
ડૉ. અંકિત ઉદયભાઈ મુનશી (પુત્ર)
ડૉ. ભૂમિ અંકિત મુનશી (પુત્રવધુ)
આરાધ્યા અંકિત મુનશી (પૌત્રી)
અર્પિતા ઉદયભાઈ મુનશી (પુત્રી)
સમસ્ત મુનશી – શાહ પરિવાર